# ઉત્તર ગુજરાતમાં દિપાવલી-નૂતન વર્ષની ભવ્ય ઉજવણી

## યાત્રાધામો દર્શનાર્થીઓથી ઉભરાયાં, દિવડાની રોશની, ફટાકડાંની આતશબાજી સાથે તહેવારો સંપન્ન

ઉત્તર ગુજરાતની પ્રજાએ તમામ નિરાશા ખંખેરી દિપાવલી-નૂતન વર્ષની ભવ્ય ઉજવણી કરી હતી. જ્યારે દિપાવલી તેમજ નૂતન વર્ષે ઉત્તર ગુજરાતના યાત્રાધામ અંબાજી, બહુચરાજી, ઉમિયા મંદિર ઉંઝા, ખેડબ્રહ્મા અંબાજી મંદિર, શામળાજી વિષ્ણુ મંદિર સહિતના યાત્રાધામો દર્શનાર્થીઓથી ઉભરાયા હતા. જ્યારે અંબાજી, માઉન્ટ આબુમાં હોટલ માલિકોએ ઉઘાડી લૂંટ ચલાવ્યાનો યાત્રાળુઓએ આક્ષેપ કર્યો હતો. સમગ્ર ઉત્તર ગુજરાતમાં શાંતિપૂર્વક દિપોત્સવી પર્વ સંપન્ન થતાં પોલીસે રાહતનો દમ લીધો છે. જ્યારે સમગ્ર ઉત્તર ગુજરાતમાં દિપોત્સવી પર્વ દરમ્યાન દાઝી જવાના ૫૦ થી વધુ કેસ નોંધાયા હતા.

ઉત્તર ગુજરાતની પ્રજા ઉત્સવપ્રિય પ્રજા તરીકે પંકાઈ છે. ૧૯ મહિનાથી કોરોના ભયના ઓથાર હેઠળ જીવતી પ્રજાએ નિરાશા અને ભયને ખંખેરી દિપાવલીના પર્વની ઉજવણીમાં તલ્લીન થઈ હતી. ગત સપ્તાહથી દિપોત્સવી પર્વ શરૂ થતાં સમગ્ર ગુજરાતમાં તેની ભવ્ય ઉજવણી શરૂ થઈ હતી. જ્યારે પ્રજાએ પ્રકાશ પર્વ અને નૂતન વર્ષના પર્વને ભવ્યતાપૂર્વ ઉજવણી એકબીજા સાથે શુભેચ્છાઓની આપ-લે કરી હતી.





જ્યારે અનેક વિસ્તારોમાં કોમી એખલાસના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. ઉત્તર ગુજરાતમાં ૧૫ કરોડથી પણ વધુના ફટાકડાનું વેચાણ થયાનું અનુમાન છે. જ્યારે દિપાવલી પર્વના કારણે તમામ ધંધા-રોજગારને નવી ઉંચાઈ મળી છે. ઉત્તર ગુજરાતના પવિત્ર યાત્રાધામોને રોશનીથી શણગારવામાં આવ્યા હતા. જ્યારે શુક્રવારે નૂતન વર્ષ નિમિત્તે હૈયાહૈયું દળાય તેટલી શ્રદ્ધાળુઓની ભીડ દેવસ્થાનોમાં જોવા મળી હતી. જેમાં કેટલાક વિસ્તારોમાં ગઠીયાઓને તડાકો પડ્યાના પણ અહેવાલ છે.

પ્રકાશ પર્વ દરમ્યાન અનિચ્છનીય ઘટના બનશે તેવી દહેશતના પગલે ઈમરજન્સી-૧૦૮ ને તૈનાત કરાતાં મોટી જાનહાની ટાળવામાં વહીવટી તંત્રને સફળતા મળી છે છતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ૫૦ થી વધુ દાઝવાના કેસ નોંધાયાનું જાણવા મળ્યું છે. કેટલાક વિસ્તારોમાં બી.એસ.એન.એલ.નું ટાયડું ઘોડું અણીના સમયે ફસકી પડતાં પ્રજામાં ભારતીય દૂરસંચાર નિગમની ખાડે ગયેલી કામગીરી સામે વ્યાપક રોષ જોવા મળ્યો હતો છતાં પ્રજાએ વોટ્સએપ અને મેસેન્જર દ્વારા શુભેચ્છાઓની શુભેચ્છકો, સ્નેહીજનો સાથે આપ-લે કરી હાઈટેક દિપોત્સવી પર્વની ઉજવણી કરી હતી.

## લાભ પાંચમ : સાબરકાંઠા-અરવલ્લીના બજારો આજથી ફરી ધમધમશે

### ૫ દિવસના વેકેશનમાં વેપારીઓ સહપરીવાર પ્રવાસન સ્થળોએ પહોંચ્યા

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૦૮

નવા વર્ષનો પ્રારંભ થયો છે આજે મંગળવારે શુભમુહુર્તમાં લાભ પાંચમના દિવસથી વેપારીઓ પોતાના ધંધા-રોજગાર શરૂ કરશે જેના કારણે છેલ્લા ૫ દિવસથી સુમસામ ભાષતા બજારો-માર્કેટયાર્ડ ફરીથી જીવંત બની જશે. ૫ દિવસના વેકેશનમાં વેપારીઓએ સહપરીવાર બે-ત્રણ દિવસના પ્રવાસનું આયોજન કરી નવી ઉર્જા મેળવી છે.

વર્ષ દરમ્યાન સતત ધંધા-રોજગારમાં વ્યસ્ત રહેતા વેપારીઓ માટે ગતવર્ષ દરમ્યાન કોરોનાનું સંક્રમણ અને ધંધાની મંદીએ કેડ ભાંગી નાખી હતી પરંતુ પાછલા ૪ મહિના દરમ્યાન કોરોનાનું સંક્રમણ કાબૂમાં આવ્યા પછી ધંધા-રોજગાર ધીરે-ધીરે પાટે ચડ્યા ત્યાર બાદ દિપાવલી પર્વ દરમ્યાન બજારમાં દેખાયેલી ઘરાકીના કારણે ધંધા-રોજગારને નવું જોમ મળ્યું. પાછલા બે વર્ષ કરતાં આ વર્ષે દિપમાલા પર્વ દરમ્યાન તમામ ધંધા-રોજગારમાં વૃદ્ધિ જોવા મળી. અનેક વેપારીઓ સારા વેપાર-ધંધાથી ઉત્સાહિત થયા. દિવાળી પર્વ સંપન્ન થયા પછી બેસતા વર્ષનું મુહુર્ત સાચવી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના વેપારીઓ બે થી ચાર દિવસના પ્રવાસ માટે રવાના થયાં જ્યાં સહપરીવાર સાથે પ્રવાસન સ્થળોની મોજ માન્યા પછી વેપારીઓ સોમવારે સમી સાંજ સુધીમાં ઘરે પરત ફર્યા છે. આજે મંગળવારે શુભ મુહુર્તમાં લાભપાંચમના મુહુર્ત કરી વેપારીઓ ફરીથી ધંધા-રોજગાર શરૂ કરશે. દિવાળી પર્વ દરમ્યાન ગારમેન્ટ, સોના-ચાંદી બજાર, કરિયાણા, ફટાકડા બજાર સહિત અન્ય ધંધા-રોજગારને એક નવી જ ગતિ મળતાં હતાશ થયેલા વેપારીઓમાં નવા ઉત્સાહનો સંચાર થયેલો જોવા મળ્યો છે.

## પશુ તસ્કરો કેદમાંથી બહાર આવતાં ફરી તસ્કરીના બનાવ વધ્યા

### ધનસુરા તાલુકાના આકરૂન્દમાંથી રૂ.૮૦,૦૦૦ની કિંમતના બે પશુઓની ચોરી : પોલીસની નિષ્ક્રિયતા સામે રોષ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૦૮

પશુ તસ્કરીએ માજા મૂકી હતી જિલ્લા પોલીસે પશુ તસ્કરી કરનારા રીઢા ગુનેગારોને જેલમાં ધકેલ્યાં પછી થોડાંક સમય માટે પશુ તસ્કરીના ગુના ઉપર અંકુશ આવ્યો પરંતુ પશુ તસ્કરો જેલમાંથી મુક્ત થયા પછી ફરી એકવાર પશુ તસ્કરીનો આતંક હાવી થયો છે. ગતરોજ ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના પશુપાલક ભરતભાઈ જેશીંગભાઈ પટેલના બે મૂંગા પશુઓની તસ્કરી થતાં પશુપાલકો ફફડી ઉઠ્યા છે. જ્યારે ધનસુરા પોલીસની નિષ્ક્રિયતા સામે રોષ વધવા લાગ્યો છે.

છેલ્લા કેટલાંક સમયથી પશુ તસ્કરીના આતંક સામે પોલીસે ઘૂંટણીયો ટેકવી દીધી હોય તેવી સ્થિતિ છે. પરંતુ પોલીસ જાણે કે પશુ તસ્કરો સાથે ગઠબંધનમાં હોય તે રીતે સજ્ઞાઈ પૂર્વક કામગીરી કરવામાં નિષ્ફળ રહી છે. દિવાળીના પર્વ દરમ્યાન પશુ તસ્કરી કરનારી ગેંગ ફરીથી એક્શનમાં આવી છે. તા.૬-૭ની મધ્યરાત્રિએ આકરૂન્દ ગામના પશુપાલકના વાડામાંથી બે ભેંસની તસ્કરી થઈ જતાં અન્ય પશુપાલકો પણ ગામમાં પશુ તસ્કરોના આગમનથી ભયભીત બન્યા છે. છેલ્લા બે દિવસથી આકરૂન્દ ગામમાં બાઈક ઉપર ફરતા બે સંદિગ્ધ લોકો શંકાના દાયરામાં હતા અને ભેંસો આપવાની છે તેવું કેટલાંક લોકોને પૂછ્યા પછી વાડામાં બંધાતા મૂંગા પશુઓની રેકી કરી પશુ તસ્કરીના ગુનાને અંજામ આપ્યાનું મનાઈ રહ્યું છે. ધનસુરા અને બાયડ વિસ્તારના હાઈવે ઉપરના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવે તો પશુ તસ્કરીના ગુનાનો ભેદ ઉકેલી શકાય. પરંતુ ખુદ પોલીસને તસ્કરીના ભેદ ઉકેલવામાં રસ ન હોય તેવી સ્થિતિ સામે આવી છે. આકરૂન્દ વિસ્તારમાંથી ચોરાયેલા મૂંગા પશુઓ પોલીસ નહિ શોધે તો આ વિસ્તારના પશુપાલકો નિષ્ક્રિય પોલીસ સામે મોરચો માંડી શકે છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના યાર્ડો આજે ખેતપેદાશની આવકથી ઉભરાશે

### લાભપાંચમથી ટેકાના ભાવે મગફળીની ખરીદી : ૨૦ કીલોએ રૂા.૧૧૧૦ ટેકાનો ભાવ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૦૮

જિલ્લામાં સપ્તાહના દિપાવલી વેકેશન પછી યાર્ડો અને



તેના સબયાર્ડો લાભપાંચમના દિવસે શુકનવંતા મુહૂર્તમાં વેપારીઓ ધંધા-રોજગાર શરૂ કરશે જેના કારણે ખેતપેદાશની આવકથી પ્રથમ દિવસે જ યાર્ડો ઉભરાઈ જાય તેવી સંભાવના છે. જ્યારે સરકાર દ્વારા લાભપાંચમના દિવસથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો નિર્ણય કરાયો છે. જેથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે. જોકે ટેકાના ભાવ કરતાં ખાનગી બજારમાં ખેડૂતોને વધુ ભાવ મળતાં મોટાભાગના ખેડૂતોએ દિવાળી પહેલા મગફળીનું વેચાણ કર્યું છે આ વર્ષે માંડ ૪૦ થી ૫૦ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચવા રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

જિલ્લાના ખેડૂતોને મગફળીના બજારમાં પૂરો ભાવ ન મળવાના કારણે આર્થિક ફટકો સહન કરવો પડે તેવી સ્થિતિ હમણાં સુધી જોવા મળતી હતી પરંતુ ગુજરાત સરકારે ટેકાના ભાવે છેલ્લા ૫ વર્ષથી મગફળી ખરીદવાનો નિર્ણય કર્યો હતો. દિવાળી પૂર્વે સરકારે ખેડૂતોના હીતમાં નિર્ણય લઈને ટેકાના ભાવથી ખરીદવાનું જાહેર કરતાં ખેડૂતોએ નિર્ણયને આવકાર્યો છે. જિલ્લામાં આ વર્ષે મગફળીનું બમ્પર ઉત્પાદન થવાની ધારણા વચ્ચે પોષણક્ષમ ભાવો મળશે કે કેમ..?? તેવી ચિંતા ખેડૂતોને કોરી ખાતી હતી અને સરકાર ટેકાના ભાવે મગફળીની શરૂ કરે તે અગાઉ ખેડૂતોને રૂા.૧૪૫૦ સુધીના ભાવ મળતાં મોટાભાગની મગફળી વેચાઈ છે અને હવે આજથી ટેકાના ભાવે સરકાર મગફળીની ખરીદી કરશે.


આજે લાભપાંચમના દિવસથી જિલ્લાના નિયત કરેલા એ.પી.એમ.સી. સેન્ટર ખાતેથી સરકાર ટેકાના ભાવે મગફળી ખરીદશે.

## સાબરકાંઠા, અરવલ્લીની પ્રજાએ એકબીજાને શુભકાનાઓ આપી નવા વર્ષના વધામણાં કર્યા

### અનેક પરિવારનાં આંગણાં ફુલો અને રંગોળીથી દીપી ઉઠ્યાં : દેવદર્શન માટે સવારથી હોડ જામશે

બાયડ તા.૦૮

પ્રકાશ પર્વ દિપાવલીનો અંતિમ પડાવ નૂતન વર્ષના



દિવસે પ્રજાએ એકબીજાની કડવાહટ ભૂલી રૂબરૂ તેમજ ફોન મારફતે શુભકામનાઓ પાઠવી નવા વર્ષના વધામણાં કર્યા હતા. નવા વર્ષને આવકારવા આંગણામાં ફૂલો અને રંગોળીથી અનેક મકાનોને શણગારવામાં આવ્યા હતા. જ્યારે બેસતા વર્ષના દિવસે દેવદર્શન માટે મંદિરોમાં ભીડ જામી હતી. કેટલાંક સમાજ અને કુટુંબોએ નૂતન વર્ષ નિમિત્તે સવાર-સાંજ સમૂહ ભોજનના કાર્યક્રમ યોજ્યા હતા.

દરેકના જીવનમાં દિપાવલી પર્વની ઉજવણી અને નૂતન વર્ષના આગમનનું અનેક ગણું મહત્વ રહેલું છે. નૂતન વર્ષ દરમ્યાન અનેક અબોલાં પણ દૂર થયાં છે. જ્યારે સામૂહીક ભાતૃભાવનું આ પર્વ અનેક પરિવારો અને કુટુંબોને એક કરનારૂ પર્વ પણ બની રહ્યું છે. નૂતન વર્ષને આવકારવા માટે દરેક શહેરી વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નાના-મોટા શો રૂમ તેમજ દુકાનોમાં ભવ્ય રોશની લગાવવામાં આવી હતી. નૂતન વર્ષની ઉજવણીમાં આ વર્ષે પ્રજાએ પણ ભારે ઉત્સાહ કેળવ્યો છે કારણ કે વર્ષ દરમ્યાન સાબરકાંઠા, અરવલ્લીમાં ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાની સરખામણીમાં એકંદરે સારો વરસાદ અને ધંધાકીય ગળાકાપ હરીફાઈમાં પ્રજાને મનગમતી ચીજ વસ્તુઓ પ્રજાએ સેવેલી અપેક્ષાના ભાવે મળી હતી. જિલ્લામાં આ વર્ષે તૈયાર વસ્ત્રોનું લાખો રૂપિયાનું વેચાણ થતાં વેપારીઓ પણ આ વખતની દિપાવલીએ ઘરાકીના તમામ રેકોર્ડ તોડી નાખ્યાનું જણાવ્યું હતું. નૂતન વર્ષના પર્વ દરમ્યાન પ્રજાજનો સહપરિવાર નવાં વસ્ત્રો ધારણ કરી એકબીજાને શુભકામનાઓ પાઠવી હતી. જિલ્લામાં નૂતન વર્ષના આગમનને ભારે



હર્ષોલ્લાસથી વધાવનારા દ્રશ્યો ઠેકઠેકાણે જોવા મળ્યા.

## લાંક હાઈસ્કુલના બે શિક્ષકોનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો



બાયડ(બ્યુરો ઓફિસ) તા.૦૮

બાયડ તાલુકાના લાંક ગામની શ્રી જવાહર હાઈસ્કુલમાં ફરજ બજાવતાં ઉ.શિક્ષક વિક્રમભાઈ સી. પટેલ (રડોદરાવાળા) અને ઈન્ચાર્જ આચાર્ય શનાભાઈ એચ. પરમાર વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ મંડળના ટ્રસ્ટી મથુરભાઈ ઝાલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો જેમાં સેવા નિવૃત્ત થતાં કર્મચારીઓની નિષ્ઠા, શિક્ષણ ક્ષેત્રનો સમર્પણભાવની પ્રશંસા કરી તેમની સેવાઓની બિરદાવાની સાથે સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ તેમનું નિવૃત્તિમય જીવન લોકકલ્યાણના કામો માટે ઉપયોગી બને તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

કેળવણી મંડળના પ્રમુખ વીણાબેન ઝાલાએ બંને શિક્ષકોના શિક્ષણ પ્રત્યેના સમર્પણને બિરદાવી સંસ્થાના વિકાસમાં વર્તમાન અને નિવૃત્ત શિક્ષકોના યોગદાનને બિરદાવ્યું હતું.

## માનવતાની મહેક.. : બાયડ તાલુકા હેલ્થ ઓફીસર બાયડની ઉત્કુષ્ટ કામગીરી

### દર્દીના પરિવારને માત્ર ૩૦ મિનિટમાં મળી સવલત

બાયડ તા.૮

દિવાળી સમયે તા.૬ નવેમ્બરના રોજ જાહેર રજાના દિવસે બીપી પ્રાંત અધિકારી બાયડ ને ધનસુરા તાલુકામાંથી અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો કે "મારી માતાને કાર્ડિયાક ઈમરજન્સી માટે યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે પરંતુ અમારી પાસે પી.એમ.એ કાર્ડ નથી અને હોસ્પિટલે અમને કહ્યું કે અડધી કલાકની અંદર પી.એમ.એ કાર્ડ કરાવી લો અથવા એન્જીયોગ્રાફી માટે રકમ ચૂકવો.

અમે હમણાં જ હોસ્પિટલમાંથી મા કાર્ડ માટે અરજી કરી છે અને અમને મંજૂરીની જરૂર છે." બાયડ પ્રાંત અધિકારી દ્વારા તાલુકા હેલ્થ ઓફીસરશ્રી બાયડ, ડોકટર ધર્મેન્દ્ર પરમાર નો સંપર્ક કરવામા આવ્યો. અને જાહેર રજાના દિવસે તાલુકા હેલ્થ ઓફીસરશ્રી બાયડએ પ્રતિસાદ આપ્યો અને આરોગ્ય કચેરી ખોલી, કૉલની ૩૦ મિનિટની અંદર માં કાર્ડ માટેની મંજુરી આપી અને દર્દીઓના સંબંધીઓ સાથે પુષ્ટિ કરી. જેને કાર્ડિયાક પ્રક્રિયાની જરૂર હતી તે મહીલાની તેમણે જરુરી મદદ કરી.જે ખુબજ બિરદાવવા લાયક કામગીરી છે.

આ બધું માત્ર સુપર એક્ટિવ હેલ્થ ટીમ બાયડ અને ટીએચઓશ્રી બાયડ દ્વારા જ શક્ય બન્યુ છે..

## આકરૂન્દ કેળવણી મંડળના કારોબારી સભ્ય દિલીપભાઈ પટેલનું દુઃખદ નિધન



ધનસુરા તાલુકાના આકરૂન્દ કેળવણી મંડળના યુવાન કારોબારી સભ્ય દિલીપભાઈ જયંતીભાઈ પટેલ(નવટાંકીકંપા)નું દુઃખદ નિધન થતાં પંથક તેમજ કચ્છી પ્રજા સમાજમાં શોક છવાયો છે.

આકરૂન્દ નજીકના નવટાંકી કંપાના અને આકરૂન્દની શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે વર્ષોથી સક્રીય અને આકરૂન્દ કેળવણી મંડળના કારોબારી સભ્ય દિલીપભાઈ પટેલનું ટૂંકી માંદગી પછી દુઃખદ નિધન થતાં આકરૂન્દ કેળવણી મંડળના સભ્યોઓ ઉંડા શોક અને આઘાતની લાગણી વ્યક્ત કરી હતી. શિક્ષણક્ષેત્રમાં તેમના ઉમદા વિચારોની મંડળ દ્વારા નોંધ લેવામાં આવતી હતી. દિલીપભાઈ પટેલના દુઃખદ નિધનથી તેમના પરીવાર ઉપર આવી પડેલ સંકટની ઘડીમાં ટકી રહેવા માટે ભગવાન તેમને શક્તિ અર્પે તેવી આકરૂન્દ કેળવણી મંડળ અને શાળા પરીવારે પ્રાર્થના કરી હતી.

## મોડાસા : દિવાળી પર્વમાં જુગારની બાજી માંડી બેઠેલા ત્રણ જુગારીઓને ટાઉન પોલીસે દબોચ્યા, એક ફરાર, ૫ હજારથી વધુની રોકડ જપ્ત

અરવલ્લી જીલ્લામાં શકુનિઓ માટે અષાઢ પણ શ્રાવણ હોય તેમ ખુલ્લી જગ્યાએ,ખેતરમાં બનાવેલ ઓરડીઓમાં, અને મકાનમાં હારજીતની બાજી લગાવી જુગાર રમી લેતા હોય છે મોડાસા ટાઉન પોલીસે શહેરના સર્વોદયનગર વિસ્તારમાં ખાડામાં ઝાડ નીચે જુગાર રમતા ત્રણ જુગારીઓને દબોચી લઈ ૫ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પોલીસ રેડ જોઈ એક જુગારી ફરાર થઈ જતા પોલીસે ઝડપી પાડવા ચક્રો ગતીમાન કર્યા હતા.

મોડાસા ટાઉન પીઆઈ નિતીમીકા ગોહીલ અને તેમની ટીમે બાતમીના આધારે મોડાસાના



સર્વોદય નગર વિસ્તારમાં આવેલા ખાડામાં આંબાના ઝાડ નીચે હારજીતની બાજી લગાવી બેઠેલા જુગારીઓ પર ત્રાટકી જુગાર રમતા ૧)મિલેષ શંકરભાઈ કડીયા, ૨)શૈલેશ કાંતિલાલ કડીયા અને ૩) ઉમેશ ચંદુભાઈ થોરીને ઝડપી પાડી હારજીત પર લગાવેલા અને અંગજડતીમાં મળી આવેલા રૂ.૫૨૪૦ /-નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ પોલીસરેડ જોઈ ફરાર કરણ હીરાલાલ ડામોરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.